

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




પ્રભુ... આર્શીવાદ આપવા ઉતાવળ ન કરશો, ... આ લોકો તમને યાદ કરવા કરતા બીજાને ચિડવવા જયશ્રી રામ બોલે છે...



કેરી ઉત્સવ : ગાંધીનગરના ગ્રામ દેવતા પંચદેવ મંદિરે હરિહરને કેરીનો ભોગ ધરાવાયો હતો. કેરીની મોસમ પૂરબહારમાં ખીલી છે ત્યારે ભાવિકો દ્વારા ભગવાનને કેરી ધરાવાઈ હતી.

# ૭ સરકારી શાળાઓને ફાયર વિભાગે નોટીસ ફટકારી

ગાંધીનગર, તા. ૧૦

સુરતની દુર્ઘટના બાદ ગાંધીનગર ફાયર વિભાગ દ્વારા સતત શાળા-કોલેજ અને કલાસીસમાં ચેંકીગ હાથ ધરવામાં આવી રહ્યું છે. ફાયર સેફટીના સાધનો ના હોય તેવા એકમોને નોટીસ પણ તંત્ર દ્વારા ફટકારવામાં આવી છે. ત્યારે આજથી શૈક્ષણિક સત્ર શરુ થતા સરકારી શાળા સહિત અન્ય શાળાઓમાં ચીફ ફાયર ઓફિસર મહેશ મોડ દ્વારા ચેંકીગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ૭ જેટલી સરકારી શાળાઓને ફાયર સેફટીને લઈ નોટીસ ફટકારવામાં આવી છે.

આજથી શાળા-કોલેજમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ ગયો છે. શાળા-કોલેજમાં પ્રથમ દિવસે વિદ્યાર્થીઓ નજરે પડ્યા હતા. ત્યારે સુરતની દુર્ઘટના બાદ સમગ્ર રાજયનું ફાયર વિભાગ સફાળુ જાગ્યું છે અને ફાયર સેફટીને લઈ ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. ત્યારે ગાંધીનગર શહેરમાં આજે શાળા કોલેજમાં ફાયરના સાધનો અંગે ચેંકીગ હાથ ધરાયું હતું. જેમાં મોટાભાગની શાળાઓ પાસે ફાયરના સાધનો છે, પરંતુ ફાયર એનઓસી લીધી નથી. તો કેટલાક સ્થળે ફાયરના સાધનો ઓછા હોવાથી જરુરીયાત મુજબના વસાવવા માટે આદેશ કરાયો છે. એસએસવી શાળા અને સે-૭ની શાળાની એનઓસી બાકી છે જેને પગલે નોટીસ ફટકારવામાં આવી છે અને ફાયરની પૂર્તતા કરવા જણાવ્યું છે. સે-૭ સરદાર વલ્લભભાઈ વિદ્યામંદિર, સેન્ટ્રલ યુનિવર્સિટી ગુજરાત સે-૩૦, સેન્ટ્રલ યુનિવર્સિટી-૨૯, સિધ્ધાર્થ લો કોલેજને પણ ફાયરની એનઓસી લીધી ન હોવાથી ફાયર વિભાગ દ્વારા નોટીસ આપવામાં આવી છે.જયારે ઈન્ફોસીટી જુનીયર સાયન્સ કોલેજે ફાયર એનઓસી લીધી છે, જયારે પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયે એનઓસી માટે એપ્લાય કરેલ છે. જયારે કેન્દ્રીય વિદ્યાલય અને ઉદયભાણસિંહજી શાળા સે-૩૦ ને પણ ચેંકીગ દરમિયાન યોગ્ય ફાયરના સાધનો નહીં હોવાથી નોટીસ આપવામાં આવી છે.

## કોલવડામાં ઝાડા-ઉલ્ટીના ૬ કેસ મળ્યા

### બેના મોત અંગેના સોશ્યલ મિડિયાના અહેવાલો અંગે તંત્રએ તપાસ હાથ ધરી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરને અડીને આવેલ કોલવડા ગામમાં ઝાડા-ઉલ્ટીના કેસો અંગે સોશ્યલ મિડિયામાં આવેલા અહેવાલોને પગલે તંત્ર દોડતુ થયુ હતુ.

સોશ્યલ મિડિયામાં બે દર્દીના મોત થયાની વાતો પણ હતી પરંતુ તંત્રએ આજે મોડી રાત્રે તે વાતનો છેદ ઉડાડી અને ગામમાં ૬ જેટલા છુટા છવાયા ઝાડાના કેસ હોવાનં જણાવ્યુ છે.

૧૧ હજારની વસ્તી ધરાવતા આ ગામમાં બે વ્યક્તીના થયેલા મોત અંગે મળતી વિગતો મુજબ એક દર્દીને કેટલાક કોમ્પ્લીકેશન હતા તેને કારણે મોત થયાનું પ્રાથમિક તારણ છે તો બીજા દર્દીના મોત અંગે હજુ તપાસ તંત્ર દ્વારા ચાલી રહી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા આરોગ્ય તંત્રના તેમજ તાલુકાના આરોગ્ય અધિકારીઓ કોલવડા દોડી ગયા હતા. તેમણે ત્યાં તાત્કાલિક સર્વેલન્સ પણ કર્યુ હતુ. આ પછી મંગળવારથી સઘન સર્વેલન્સના હુકમો કર્યા છે.

પ્રાથમિક તપાસમાં કોઈ રોગચાળાની હાલ શક્યતા દેખાતી નથી પરંતુ તંત્ર તે બાબતે કોઈ કચાશ પણ રાખવા નથી માંગતુ. ગામમાં સર્વેલન્સની કામગીરી કાલ સવારથી શરૂ થશે.



ગ-૩ થી ઘ-૩ તરફના રસ્તા ઉપર ગટરનું ઢાંકણું તુટી ગયું છે. વાહનચાલકોને આ માર્ગેથી પસાર થતાં અકસ્માતનો ભય રહે છે.

## જિલ્લા પંચાયત કર્મચારી ગ્રાહક અને ધિરાણ મંડળીના નવા હોદ્દેદારો વરાયા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયત કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીના ચેરમેન તરીકે પ્રકાશભાઈ ત્રિવેદી, વાઈસ ચેરમેન તરીકે કીરીટસિંહ રાઓલ તથા મંત્રી તરીકે હિરેન પટેલની નિમણુંક કરવામાં આવી છે.

ગઈકાલે મંડળીની મળેલ સામાન્ય સભામાં આ વર્ષે નિવૃત થયેલ ૪૫ જેટલા કર્મચારીઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતુ. આ બેઠકમાં ૨૦૧૮-૧૯નું શેર ડિવિડન્ડ ૧૧ ટકા જાહેર કર્યુ હતુ જે ૪૨ વર્ષમાં સૌથી વધુ છે.

આ મંડળીએ તેના તમામ સભ્યોને રૂ. બે લાખના અકસ્માત વીમા યોજના તળે આવરી લીધા છે. સભાસદના કુદરતી મૃત્યુ પ્રસંગે પણ રૂ. એક લાખની સહાય ચુકવવાનો પણ નિર્ણય આજની બેઠકમાં લેવાયો હતો જે અગાઉ રૂ. ૫૦ હજાર સહાય ચૂકવવામાં આવતી હતી.

મંડળીના ઘટતી જતી સભ્ય સંખ્યા અંગે પણ આ બેઠકમાં ચિંતાની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી તેમજ દરેક સભ્ય ઓછામાં ઓછો એક નવો સભ્ય બનાવે તેવો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

મંડળીના નવા વરાયેલા હોદ્દેદારોને કર્મચારીઓએ આનંદથી વધાવી લીધા હતા તેમજ જે હોદ્દેદારોએ સેવાઓ આપી હતી તેને બિરદાવવામાં આવી હતી.

## મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યામંદિર ખાતે જિલ્લાના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાશે

ચિલોડા, તા. ૧૦

ગાંધીનગર તાલુકાના મગોડી સ્થિત શ્રી કેળવણી મંડળ તથા શ્રી નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન અમદાવાદના સંયુક્ત ઉપક્રમે માર્ચ-૨૦૧૯ની ગુજરાત માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામાં ગાંધીનગર જિલ્લાના જે વિદ્યાર્થીઓએ ૯૦ ટકા કે તેથી ઉપરનું ગુણાંકન એસ.એસ.સી., એચ.એચ.સી., સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાનપ્રવાહમાં પ્રાપ્ત કરેલ છે તેવા વિદ્યાર્થીઓમાંથી ત્રણે અલગ અલગ ફેકલ્ટીના ટોપ ટેન વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજવાનું પ્રશંસનીય આયોજન કરેલ છે. તેથી તેવા તેજસ્વી વિદ્યાર્થીઓએ પોતાના ગુણપત્રકની પ્રમાણિત નકલ તા. ૩૦-૬-૨૦૧૯ સુધીમાં નીચેના સરનામે મોકલી આપવા શાળાના આચાર્ય પી.આર. ઠક્કર વિદ્યાવિહાર મોન્ટેકાર્લો શિક્ષણ સંકુલ, મગોડી, તા. જી. ગાંધીનગર, ૩૮૨૩૫૫ જણાવ્યું છે. વિદ્યાર્થીએ ગુણપત્રકની પાછળ પોતાનું નામ-સરનામુ તથા મોબાઈલ નંબર અવશ્ય જણાવવા વિનંતી છે.

આ ઉપરાંત શ્રી નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા આર્થિક-પછાત અને ભણવામાં તેજસ્વી વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃતિ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. શિષ્યવૃતિ નીચેના માપદંડોને આધારે મળવાપાત્ર છે.

આ શિષ્યવૃતિ ફક્ત ધોરણ ૮ થી ૧૨માં ભણતા વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. છેલ્લા ત્રણ વર્ષથી વાર્ષિક પરીક્ષામાં ઓછામાં ઓછા ૮૦ ટકા ગુણ હોવા જોઈએ. વાલીની વાર્ષિક આવક રૂ. એક લાખથી ઓછી હોવી જોઈએ. ઉપરોક્ત માપદંડ ધરાવતા વિદ્યાર્થીઓએ શિષ્યવૃતિનું ફોર્મ રૂબરૂ મેળવવા માટે સંસ્થાનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

## વિશ્વ બાળ મજૂરી વિરોધી દિનની મહાત્મા મંદિર ખાતે ઉજવણી

ગાંધીનગર, તા. ૧૦

તા.૧૨ જૂનને વિશ્વભરમાં બાળ મજૂરી વિરોધી દિન તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત યુનિસેફના સહયોગથી આગામી તા.૧૨મી જૂન ૨૦૧૯ને બુધવારના રોજ શ્રમ અને રોજગાર વિભાગનાં શ્રમ આયુક્તની કચેરી દ્વારા મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે વિશ્વ બાળ મજૂરી વિરોધી દિન-૨૦૧૯ અને સહિયારી કૂચ-૪ના કાર્યક્રમની ઉજવણી કરવામાં આવનાર છે.

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા શ્રમ અને રોજગારમંત્રી દિલીપકુમાર ઠાકોરની પ્રેરક ઉપસ્થિતિમાં બાળ મજુરી પ્રથા નાબૂદી અંગે લોકોમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજાશે. જેમા શ્રમ અને રોજગાર વિભાગ તથા વિવિધ ખાતાઓનાં અધિકારીઓ ઉપસ્થિત રહેનાર છે. મહાત્મા મંદિરમાં સેમિનાર હૉલ નં.૪ ખાતે બપોરે ૩ કલાકે આ કાર્યક્રમ યોજાનાર છે, તેમ રાજ્યના નાયબ શ્રમ આયુક્ત દ્વારા જણાવાયુ છે.

## શર્લી જ્વેલ્સ દ્વારા ડાયમંડ જ્વેલરીનું ‘રીવાયત’ પ્રદર્શન યોજાયું

અમદાવાદ, તા. ૧૦

શર્લી જ્વેલ્સની સ્થાપના ૧૯૮૮માં જેમોલોજીસ્ટ શાલીન શાહ દ્વારા કરાઈ હતી. તેમનું એક સ્વપ્ન હતુ, અલૌકિક ડાયમંડ જ્વેલરી, નવતર શૈલીની ડિઝાઈન અને સમકાલીન શૈલીના ભાતીગળ શૃંગારનું મુલ્ય ધરાવતી સન્નારીઓ માટે ડાયમંડ જ્વેલરી બનાવવી. આ કલા-કૌશલને આગળ ધપાવવા તેમની દિકરી શર્લી શાહ દ્વારા અમદાવાદમાં કોર્ટયાર્ડ મેરીયોટ ખાતે ડાયમંડ જ્વેલરીનું એક આગવું પ્રદર્શન ‘રીવાયત’ તા. ૮ અને ૯ જુનના રોજ યોજાયું હતું. આમાં ડાયમંડ જ્વેલરીની અવનવી ડિઝાઈનને ડાર્કરૂમમાં તૈયાર કરાયેલ હતી તેમજ ૧૦ જેટલા બ્રાઈડલ, ઈવનીંગ પાર્ટીમાં પહેરી શકાય તેવી જ્વેલરી પ્રદર્શનમાં મુકાઈ હતી. આ પ્રદર્શનમાં સોનલ અંબાણી, અલ્કા કોટક, ઈન્દુ ગોયલ, ડૉ. દર્શીની શાહ, સિલ્વા પટેલ, ડિમ્પલ ગોયેન્કા, પાવની બકેરી, શુભા ભંડારી, બબીતા જૈન તેમજ જાણીતા અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ તેમજ આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યાં હતાં.



જીવન ચલાવવા માટે દરેક વ્યકિત પોતપોતાના ગજા અને શકિત પ્રમાણેનું કામકાજ શોધી જ લે છે. માર્ગોની આસપાસ ફેંકી દેવાયેલી નકામી પ્લાસ્ટીકની બોટલો પણ રોજગારીનું માધ્યમ બની શકે છે તેનું ઉદાહરણ આ સાયકલ સવાર વ્યકિત છે.

## એએમટીએસના ડ્રાઈવરોની હડતાળનો અંત હાથવેંતમાં

અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (એએમટીએસ)ની કોન્ટ્રાક્ટ કંપનીના ડ્રાઈવરોની હડતાળના આજે ૪થા દિવસે આખરે આંશિક સમાધાન થયું હતુ. જેને પગલે છેલ્લા ત્રણ દિવસથી શહેરના માર્ગો પર દોડતી બંધ કરાયેલી એએમટીએસની ૧૦૦થી વધુ બસો પૈકીની ૬૮ બસો આજે ફરી માર્ગો પર દોડતી કરાઈ હતી. હવે એકાદ-બે દિવસમાં ડ્રાઈવરોની આ હડતાળ સમેટાઇ જવાની શકયતા છે. આ માટે અમ્યુકો સત્તાધીશો અને તંત્રના પ્રયાસો જારી છે.

એએમટીએસ ડ્રાઈવરોની હડતાળમાં આંશિક સમાધાન થતાં અને ૬૮ બસો માર્ગો પર ફરી દોડતી થતાં શહેરીજનો ખાસ કરીને લાલદરવાજા, સારંગપુર સહિતના રૂટના મુસાફરોને મોટી રાહત મળી હતી. પગાર વધારો અને અન્ય પડતર માંગોને લઈ ચાર્ટર્ડ સ્પિડ લિમિટેડ કંપનીના ૨૦૦થી વધુ ડ્રાઈવર કર્મચારીઓ છેલ્લા ત્રણ દિવસથી હડતાળ પર ઉતર્યા હતા. આજે ૪થા દિવસે હડતાળમાં બંને પક્ષે આંશિક સમાધાન થયું હતુ અને તેના ભાગરૂપે ૬૮ બસો ચાલુ કરવાનો નિર્ણય લેવાયો હતો. એએમટીએસ બસના ડ્રાઈવરોની હડતાળના કારણે શહેરમાં બસ સેવા પ્રભાવિત થઈ હતી.

## ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં ૧૬મીએ કૃષિ મહોત્સવ યોજાશે

ગાંધીનગર જિલ્લામાં આગામી તા. ૧૬મી જૂન, ૨૦૧૯ના રોજ કૃષિ મહોત્સવ-૨૦૧૯ યોજાશે. કૃષિ મહોત્સવ-૨૦૧૯ના સુચારું આયોજન અર્થે આજરોજ ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર. રાવલના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે જણાવ્યું હતું કે,સમગ્ર રાજયમાં વર્ષ- ૨૦૦૫થી કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પંદરમા કૃષિ મહોત્સવનું આયોજન સમગ્ર રાજયમાં થનાર છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં તા. ૧૬મી જૂન, ૨૦૧૯ના રોજ કૃષિ મહોત્સવ યોજાશે. તમામ કાર્યક્રમમાં એક હજારથી વધુ ખેડૂતો ઉપસ્થિત રહેશે. જેમાં ગાંધીનગર તાલુકાનો કૃષિ મહોત્સવ મોઢેશ્વરી ભવન, શ્રી માઢેશ્વરી કાંઠા જિલ્લા મોદી ચેરીટેબલ ટ્રસ્ટ, પેથાપુર-રાંધેજા હાઈવે, ગાંધીનગર ખાતે યોજાશે. તેમજ દહેગામ તાલુકાનો નીલકંઠ મહાદેવ મંદિર, રખિયાલ રોડ, પાલૈયા ખાતે, કલોલ તાલુકાનો કડવા પાટીદાર બેંતાલીસ સમાજ ઉમિયા માતાજી સંસ્થાન, કલોલ-નારદીપુર હાઈવે, ભાદોલ, કલોલ ખાતે અને માણસા તાલુકાનો શ્રી ૪૧ ગામ કડવા પાટીદાર સમાજ ફાઉન્ડેશન, વિજાપુર રોડ, માણસા ખાતે યોજાશે.

કૃષિ અધિકારી શ્રી જાદવએ કૃષિ મહોત્સવ અંગેની માહિતી આપતાં જણાવ્યું હતું કે, તમામ કૃષિ મહોત્સવનો આરંભ સવારના ૯.૦૦ થી બપોરના ૧.૦૦ કલાક દરમ્યાન યોજાશે. તેમજ તમામ સ્થળે કૃષિ સંલગ્ન માહિતી આપતું એકઝીબીશન સવારના ૮.૩૦ કલાક થી સાંજના ૬.૦૦ કલાક દરમ્યાન યોજાશે.

એકઝીબીશનમાં જુદા જુદા ૧૫-૨૦ સ્ટોલ બનાવવામાં આવશે. કૃષિ સંલગ્ન ટેકનીકલ અને સરકારની વિવિધ સહાય યોજનાની સમજ આપતાં સાહિત્યનું વિતરણ પણ કરવામાં આવશે. પશુપાલન વિભાગ દ્વારા સ્થાનિક કક્ષાએ પશુ આરોગ્ય કેમ્પ યોજાશે.

કૃષિ મહોત્સવમાં કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને પાકો અંગે માર્ગદર્શન આપવામાં આવશે અને ખેડૂતોના વિવિધ પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવશે. કૃષિ મહોત્સવના કાર્યક્રમ દરમ્યાન પ્રગતિશીલ ખેડૂતો દ્વારા પોતાના અનુભવો અને કિસાન ગોષ્ઠી જેવા કાર્યક્રમ પણ યોજાશે. તે ઉપરાંત કિસાન ક્રેડિટ કાર્ડ, પાક વીમા યોજના અને બેંક ધિરાણ અંગેની પણ વિસ્તૃત સમજ આપવામાં આવશે.

# ઈન્દ્રોડા પાર્કની સિંહણ “ગ્રીવા” હવે માતા નહી બની શકે

### સિંહણ ‘‘ગ્રીવા’’ને ગર્ભાશયનું ઘાતક ઈન્ફેક્શન થતા ઓપરેશન કરી ગર્ભાશય દૂર કરાયું : પાંચ નિષ્ણાત તબીબોની ટીમે સફળ ઓપરેશન કર્યુ : ઓપરેશન બાદ ગ્રીવાની તબિયાત સુધારા પર

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાનમાં થોડા સમય પૂર્વે લવાયેલ સિંહ-સિંહણની જોડીમાં સિંહણને ગર્ભાશયનું ઈન્ફેક્શન થતાં તેનું ઓપરેશન કરી ગર્ભાશય દૂર કરવામાં આવ્યુ છે. તા. ૩જી જૂને કરાયેલા આ ઓપરેશન બાદ હવે સિંહણની તબિયત ઘણી સુધારા પર છે પરંતુ આ સિંહણ હવે ક્યારેય માતા બની નહી શકે. જોકે સિંહ યુગલની સંભાળ લઈ રહેલા ગીર ફાઉન્ડેશનના કર્મચારીઓની સતર્કતા અને સમયસૂચકતાને કારણે સિંહણનો જીવ બચાવી સકાયો છે.

ઈન્દ્રોડા પાર્કમાં રાખવામાં આવેલા દરેક પ્રાણીઓની નિયમિત તપાસ તથા સતત તેમના વર્તન વગેરેનું અવલોકન કરવામાં આવતુ હોય છે જેથી કોઈપણ પ્રાણીના ખોરાક-પાણી કે વર્તનમાં ફેરફાર જણાય તો તેના કારણો શોધી જો તેને કોઈ બિમારી કે તકલીફ હોય તો તેનો ઉકેલ લાવી શકાય. ગત નવેમ્બર માસમાં લવાયેલ સિંહ ‘‘સુત્રા’’ અને સિંહણ ‘‘ગ્રીવા’’ની જોડીની સતત કાળજી લેવામાં આવતી હતી જેમાં ગત માસે સિંહણ ‘‘ગ્રીવા’’એ બે-ત્રણ દિવસ સુધી ખોરાક ખૂબ ઓછો લેતાં તેને કોઈ તકલીફ હોવાના એંધાણ પ્રાપ્ત થયાં હતા. સામાન્ય રીતે ગરમીની ઋતુમાં ઘણા પ્રાણીઓ એક-બે દિવસ માટે ખોરાક છોડી દેતા હોય છે અથવા ઓછો કરી દેતા હોય છે પરંતુ તે સ્થિતિ વધુ દિવસ ચાલે તો પ્રાણીને કોઈ તકલીફ હોવાની શક્યતા રહે છે. ‘‘ગ્રીવા’’ એ બે-ત્રણ દિવસ સુધી ખોરાક ઓછો લેતા તેના એનિમલ કેયર અને ગીર ફાઉન્ડેશનના વેટેનરી તબીબ ડૉ. અનિકેત પટેલે તપાસ કરતાં ગ્રીવાના યોનિમાર્ગે પરૂ જેવા અંશ જોવા મળ્યા હતા. આથી જુનાગઢ સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં આશરે ૧૫ વર્ષથી સેવા આપી રહેલા ડૉ. રિયાઝ કડીવારનો સંપર્ક સાધી તેમની સલાહ મુજબ સિંહણની સારવાર શરૂ કરવામાં આવી હતી. છેલ્લા ૨૫ દિવસથી તેની સતત સારવાર તથા નિયમિત ઓબ્ઝર્વેશન પછી ગ્રીવાની તબિયતમાં કોઈ સુધારો જોવા ના મળતા તેની સોનોગ્રાફી કરવાનું નક્કી કરવામાં આવ્યુ હતુ.



સિંહણ ‘‘ગ્રીવા’’ની સોનોગ્રાફી ઈન્દ્રોડા પાર્ક ખાતે કામધેનુ યુનિવર્સિટીના નિષ્ણાંત અને ભારતના જાણીતા વેટરેનરી તબીબ ડૉ. ડી.બી. પાટીલના માર્ગદર્શનમાં કરવામાં આવી હતી. જેમાં ગ્રીવાને ગર્ભાશયનું ઘાતક ઈન્ફેક્શન હોવાનું માલુમ પડ્યું હતું. આ પ્રકારનો રોગ આમ તો જવલ્લે જ જોવા મળે છે એટલે ભારતભરના ઝૂ એન્ડ વાઈલ્ડલાઈફ નિષ્ણાંતોના ગ્રુપમાં તેની ચર્ચા કરવામાં આવી અને મોટેભાગે જે કોમન ઓપિયન મળ્યો તે મુજબ ગ્રીવાનું તાત્કાલિક ઓપરેશન કરવું જરૂરી હતુ. આથી તા. ૩જી જુને ૨ વાઈલ્ડલાઈફ પશુ ચિકિત્સકો, ૨ વેટેનરી સર્જન અને ૧ વેટેનરી ગાયનેકોલોજીસ્ટ એમ કુલ પાંચ તબીબોની ટીમે ઈન્દ્રોડા પાર્ક ખાતે ગ્રીવાનું ઓપરેશન કરી ગર્ભાશય દૂર કર્યુ હતુ. આ પછી સાત દિવસ સુધી તેના ટાંકા ના તુટે તે જોવાનું હોય છે જેમાંથી હવે ગ્રીવા હેમખેમ બહાર આવી જતા હવે તેનો જીવ બચી જવા પામ્યો છે પરંતુ તે હવે ક્યારેય માતા નહી બની શકે.

### દર ૩-૪ દિવસના અંતરે બ્લડ ટેસ્ટ કરાયા

‘‘ગ્રીવા’’ સિંહણને ઈન્ફેક્શન માલુમ પડતા સતત ૨૫ દિવસ તેની સારવાર ચાલી તેમાં વિવિધ દવાઓ આપવા સાથે દર ૩ કે ૪ દિવસે તેનો બ્લડ ટેસ્ટ પણ કરવામાં આવતો હતો. આ માટે સ્લોવાકિયાથી કીટ મંગાવવામાં આવી હતી. સતત દેખરેખ અને સારવાર છતાં સતત ચેપ વધતો જતો હતો જો સમયસર તેનુ ઓપરેશન ના કરાયું હોત તો તેનો જીવ જોખમમાં મુકાઈ જાત.

### ‘‘ટાંકા’’ ના તુટી જાય માટે છુપી રીતે ખોરાક-પાણી આપ્યાં

ગ્રીવાના ઓપરેશન પછી ‘‘ગ્રીવા’’ તેના ટાંકા ના તોડી નાંખે તે માટે તે સ્હેજ પણ ડિસ્ટર્બ ના થાય તે જરૂરી હતુ. આ કારણે તેના એનિમલ કિપર પણ ગ્રીવાને ખબર ના પડે તે રીતે ખોરાક-પાણી મુકી જતા અને દૂરથી તેનુ ઓબ્ઝર્વેશન કરતા હતા. વળી, વેટેનેરી તબીબ ડૉ. અનિકેત પણ ‘‘ગ્રીવા’’ તેમને જોઈ ના જાય તેમ છુપી રીતે ઈન્જેક્શન આપતા હતા. આ સાથે કર્મચારીઓ ‘‘ગ્રીવા’’ તેના ટાંકા તોડી ના નાંખે તે માટે પ્રાર્થના કરતા હતા જે ફળી છે.

## અમદાવાદ, ડીસા સહિતના ઘણા ભાગમાં પારો ગગડ્યો

અમદાવાદ, ડિસા, ગાંધીનગર સહિતના અનેક વિસ્તારોમાં ગરમીના પ્રમાણમાં આંશિકરીતે ઘટાડો થયો છે. આંશિક વાદળછાયુ વાતાવરણ રહેવાના કારણે લોકોને કાળઝાળ ગરમીથી આંશિક રાહત મળી છે. જો કે, બપોરના ગાળામાં લોકો ગરમીથી પરેશાન રહ્યા હતા. મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં આંશિક ઘટાડો થયો છે. અમદાવાદમાં પારો ગગડીને ૪૩.૩, ડિસામાં ૪૨.૬, ગાંધીનગરમાં ૪૩.૨ થયો હતો. જો કે, સુરેન્દ્રનગરમાં હજુ પણ મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રી અકબંધ રહ્યો છે. હવામાન વિભાગના કહેવા મુજબ હિટવેવની સ્થિતિ સૌરાષ્ટ્રના જુદા જુદા વિસ્તારો ખાસ કરીને સુરેન્દ્રનગરમાં પ્રવર્તી રહી છે.

**Lost Marksheets**

I Saurabh sinh chauhan has misplaced the Marksheets of Monad University of B.Com 1st, 2nd and 3rd year

98241 64182